EDII

Nav Gujarat Samay

May 12, 2019
Page No. 5

# EDII દ્વારા બે હજાર દલિત ઉદ્યોગ સાહસિકોને તાલીમ અપાઇ

**અમદાવાદઃ** ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાના ક્ષેત્રે કાર્યરત સંસ્થા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા(EDII) એ બે હજારથી વધુ દલિત ઉદ્યોગસાહસિકોને ખાસ તાલીમ આપી છે. તેમના માટે સંસ્થાએ વિવિધ ૬૮ કાર્યક્રમ પણ હાથ ધર્યા છે. EDIIના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું કે, સંસ્થા અનુસૂચિત જાતિ(એસસી) અને જનજાતિ(એસટી) યુવાનોને પ્રોત્સાહન આપવા માટે ખાસ દલિત ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે કાર્યરત છે. સ્ટર્ટઅપ ઇકો સિસ્ટમના એકેડેમિક સ્ટેક હોલ્ડર તરીકે EDIIનો ઉદ્દેશ્ય ઉદ્યોગ સાહસિકતાના વિવિધ પાસાંના સંભવિત નિષ્ણાતોની કુશળતા વધારવાનો અને પ્રોત્સાહન આપવાનો છે. દલિત ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ચેરમેન મીલિન્દ કામ્બળેએ જણાવ્યું હતું કે છેલ્લા થોડા વર્ષોથી એસટી-એસસી યુવાનોને ઉચ્ચ શિક્ષણની તકો મળી છે. ચેમ્બર તેમને પોતાનું સાહસ શરૂ કરવા પ્લેટફોર્મ પૂરું પાડવા ઇચ્છે છે.